EDII

Navgujarat Samay

June 11, 2018

Pg.5

**જાહેરાત** ગવર્નિંગ કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પૈકી ગવર્નિંગ બોડી સર્વોપરી રહેશે : 2016 પછી બે વર્ષે કાઉન્સિલ અસ્તિત્વમાં છતાં ચેરપર્સનની પસંદગી ન થઇ શકી

# અંતે હાયર એજ્યુકેશન કાઉન્સિલની બે બોડી રચાઈ, ચેરપર્સન નિમવાના બાકી

**નવગુજરાત સમય** > અમદાવાદ

ગુજરાતમાં હાયર એજ્યુકેશન કાઉન્સિલ રચવા માટે વર્ષ ૨૦૧૬માં કાયદો પસાર કરવામાં આવ્યો હતો. જેના બે વર્ષ બાદ એટલે કે વર્ષ ૨૦૧૮માં કાઉન્સિલના હોદ્દેદારોની વરણીની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. જો કે, હજુ બન્ને બોડીમાં મુખ્ય ભૂમિકા અદા કરનારા 'ચેરપર્સન'ની નિમણૂક કરવાની બાકી છે. આમ, બે વર્ષ પછી પણ કાઉન્સિલની પૂર્ણ પણે રચના થઇ શકી નથી.

ઉચ્ચ શિક્ષણના સંચાલન માટે ભૂતકાળમાં કોમન એક્ટ લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ કોમન એક્ટની સામે સમગ્ર શિક્ષણજગતમાં ઉગ્ર આક્રોશ અને વિરોધ ઊભો થયો હતો. જેના અનુસંધાનમાં કોમન એક્ટના બદલે હાયર એજ્યુકેશન કાઉન્સિલની રચના કરવાની જાહેરાત કરવામાં આવી હતી. બે વર્ષ પહેલા ૨૦૧૬માં વિધાનસભામાં ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સિલ એક્ટને મંજૂરી આપી દેવામાં આવી હતી. જે તે સમયે મંજૂરી મળ્યા બાદ તાકીદે કાઉન્સિલની રચના કરાશે તેવું માનવામાં આવતું હતું પરંતુ સળંગ બે વર્ષ સુધી આ દિશામાં કોઇ કાર્યવાહી કરવામાં આવી નહોતી. હવે સરકાર દ્વારા આખરે કાઉન્સિલની રચના અંગેની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. ગવર્નિંગ કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ એમ, બે પ્રકારની કાઉન્સિલની રચના કરવામાં આવી છે. જેમાં સાદી ભાષામાં જોઈએ તો ગવર્નિંગ કાઉન્સિલ છે તે સેનેટની જેમ કામગીરી કરશે. જ્યારે એક્ઝિક્યુટિવ બોડી સિન્ડીકેટની જેમ કામગીરી કરશે. મહત્ત્વની વાત એ કે સિન્ડીકેટ કરતાં ગવર્નિંગ કાઉન્સિલને વિશેષ સત્તા આપવામાં આવી છે.

## ગવર્નિંગ કાઉન્સિલના સભ્યો

(૧) મુખ્યમંત્રી (૨) શિક્ષણમંત્રી (૩) રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી (૪) ચેરપર્સન (નીમવાના બાકી) (૫) શિક્ષણ સચિવ (૬) નાણાં સચિવ (૭) સંસદીય બાબતોના સચિવ (૮) આરોગ્ય સચિવ (૯) ઉદ્યોગ સચિવ (૧૦) લેબર સચિવ (૧૧) સ્પોર્ટ્સ સચિવ (૧૨) કમિશનર ઓફ હાયર એજ્યુકેશન (૧૩) કમિશનર મેડિકલ (૧૪) કમિશનર ટેકનિકલ (૧૫) યુજીસીના ચેરમેન (૧૬) વીર નર્મદ યુનિ.ના કુલપતિ (૧૭) ગોધરા યુનિ.ના કુલપતિ (૧૮) જૂનાગઢ યુનિ.ના કુલપતિ (૧૯) કચ્છ યુનિ.ના કુલપતિ (૨૦) બાબા સાહેબ આંબેડકર યુનિ.ના કુલપતિ ઉપરાંત પ્રોવોસ્ટ તરીકે નિરમા યુનિ.ના કુલપતિ આ સિવાય (૨૧) આંત્રપ્રિનિયોરશીપ ડેવલપમેન્ટ ઓફ ઇન્ડિયાના નિયામક (૨૨) સરદાર વલ્લભભાઇ પટેલ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના નિયામક (૨૩) એલ.ડી. ઇજનેરી કોલેજના પ્રિન્સિપાલ (૨૪) ગાંધીનગર કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ અને (૨૫)અમદાવાદ આર્ટ્સ કોલેજના પ્રિન્સિપાલ પણ સભ્ય તરીકે રહેશે.

## એક્ઝિક્યુટિવ કમિટીમાં ક્યા સભ્યો રહેશે

(૧) ચેરપર્સન ( નિમણૂક બાકી) (૨) કમિશનર હાયર એજ્યુકેશન (૩) કમિશનર ટેકનિકલ (૪) કમિશનર મેડિકલ (૫) ગુજરાત યુનિ.ના કુલપતિ (૬) એસ.પી. યુનિ.ના કુલપતિ (૭) એમ.એસ. યુનિ.ના કુલપતિ(૮) જીટીયુના કુલપતિ (૯) ચિલ્ડ્રન યુનિ.ના કુલપતિ (૧૦) ટીચર્સ યુનિ.ના કુલપતિ (૧૧) સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ (૧૨) ભાવનગર યુનિ.ના કુલપતિ ( ૧૩) પ્રોવોસ્ટ તરીકે ઓરો યુનિ. સુરતના કુલપતિ અને શિક્ષણવિદ તરીકે (૧૪) આઇઆઇટી, ગાંધીનગરના નિયામક રહેશે. આ ઉપરાંત પાંચ જાણીતા વ્યક્તિ અને ત્રણ શિક્ષણવિદોની નિમણૂક કરવામાં આવશે.

## બે વર્ષે ચેરપર્સનની શોધવાની પ્રક્રિયા અધુરી

એજ્યુકેશન કાઉન્સિલની રચના છેલ્લા બે વર્ષથી કરવાની છે તેની જાહેરાત કરી દેવામાં આવી હતી. આમછતાં અગમ્ય કારણોસર બન્ને કાઉન્સિલમાં ચેરપર્સનની નિમણૂક કરવામા આવી નથી. ચેરપર્સનની નિમણૂક માટે સર્ચ કમિટીની રચના કરીને નામો મંગાવવાના હતા. કુલપતિ કરતાં પણ વધુ નોલેજ હોય તેવા શિક્ષણવિદ્દની આ જગ્યા માટે નિમણૂક કરવાની હતી પરંતુ બે વર્ષમા આ પ્રક્રિયા પૂર્ણ ન થતાં હવે નવી નિમણૂક ન થાય ત્યાં સુધી બન્ને જગ્યાએ શિક્ષણ સચિવને હવાલો સોંપી દેવામાં આવશે.

## કાઉન્સિલના 'સરકારીકરણ' ની વાત સાચી પડે તેવી સ્થિતિ!

હાયર એજ્યુકેશન કાઉન્સિલની રચનામાં બે બોડીના નામો જાહેર કરાયા છે. સૂત્રો કહે છે બન્ને બોડીમાં સરકાર કરતાં પણ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટનું વર્ચસ્વ રહે તેવી 'વ્યવસ્થા' કરવામાં આવી છે. જે પ્રકારે નિમણૂકો કરવામાં આવી છે તે જોતાં એકપણ વ્યક્તિ સરકાર કોઇ નિર્ણય કરે તો તેનો વિરોધ કરવાની 'હિમત' દાખવી શકે તેમ નથી. આ સ્થિતિમાં પોતાનો વ્યક્તિગત અભિપ્રાય પણ ન આપી શકે તેવી નિમણૂકોના કારણે કાઉન્સિલનું સંપૂર્ણ સરકારી કરણ કરી દેવાયું હોવાનો અભિપ્રાય શિક્ષણવિદોએ વ્યક્ત કર્યો છે.